# DSP

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3** |
| **Advertisement No.** | **10/2022-23** |
| **Preliminary Test held on** | **16-10-2022** |
| **Question No.** | **001-200** |
| **Publish Date** | **17-10-2022** |

**Last Date to Send Suggestion(s) 28-10-2022**

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 18-10-2022; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : https://gpsc.safevaults.in/login/**

M

001. સિંધુ તટપ્રદેશને મેસોપોટેમીયન્સ (Mesopotamians) એ .......... નામ આપ્યું.

(A) મિહિર (Mihir)
(B) મિત્ર (Mitra)
(C) અક્કડ (Akkad)
(D) મેલુહા (Meluha)

002. મેગેસ્થનીસે .......... ને ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં તેના રાજદૂત તરીકે મોકલ્યા હતા.

(A) સીબીટીયસ (Sibytius)
(B) એન્ટીગોનસ (Antigonus)
(C) સેલીયુક્યુસ (Seleucus)
(D) સોફ્યુટઉ (Sophytou)

003. મૌર્ય વંશના જાણીતા બે શાસકો કોણ હતા ?

1. અશોક અને પુષ્યમિત્ર 2. અશોક અને બિંબિસાર 3. ચંદ્રગુપ્ત અને બિંદુસાર 4. ચંદ્રગુપ્ત અને અશોક

ઉપરના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સત્ય છે ?

(A) 1 અને 2
(B) માત્ર 2
(C) 3 અને 4
(D) 4 અને 1

004. __________ એ પ્રાચીન લિપિઓ અથવા લેખન પદ્ધતિઓનો અભ્યાસ છે.

(A) ડેમોગ્રાફી (Demography)
(B) પેલેગ્રાફી (Palaeography)
(C) ન્યુમીસમેટીક્સ (Numismatics)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

005. _________ એ બારાબાર (Barabar) ટેકરીઓમાં ત્રણ ગુફાઓ બંધાવી અને તે આજીવિકાઓ (Ajivikas)ને ભેટ આપી.

(A) બિંદુસાર
(B) અશોક
(C) અજાતશત્રુ
(D) ખારવેલ

006. ચોલા શાસકોનો પારંપરિક વિસ્તાર __________ નો મુખત્રિકોણ પ્રદેશ હતો.

(A) મહાનદી
(B) બિયાસ
(C) સતલજ
(D) કાવેરી

007. ઈ.સ. 1674માં પોંડિચેરી ખાતે __________ નું મુખ્ય કેન્દ્ર સ્થાપવામાં આવ્યું હતું.

(A) ડચ (Dutch)
(B) પોર્ટુગીઝ (Portuguese)
(C) ફ્રેન્ચ (French)
(D) અંગ્રેજો (English)

008. લોર્ડ ડેલહાઉસીએ અંતે 1856માં __________ ને જોડી દીધું

(A) મૈસુર
(B) ઈન્દોર
(C) અવધ
(D) ત્રાવણકોર

009. "__________ એ મારો જન્મ સિદ્ધ હક છે અને હું તે પ્રાપ્ત કરીને રહીશ." આ વિધાન બાલગંગાધર તિલક દ્વારા કહેવામાં આવ્યું હતું.

(A) સ્વરાજ
(B) ખોરાક
(C) આઝાદી
(D) મુક્તિ

010. રાજા રામ મોહનરાયે 1828માં કલકત્તા ખાતે __________ ની સ્થાપના કરી હતી.

(A) આર્ય સમાજ
(B) દેવ સમાજ
(C) બ્રહ્મો સમાજ
(D) પ્રાર્થના સમાજ

011. 1857ના બળવાને __________ એ 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ' તરીકે વર્ણવ્યો હતો.

(A) આર.સી. મજુમદાર
(B) વી.ડી. સાવરકર
(C) એસ.એન. સેન
(D) બેંજામીન ડીઝરાયલી (Benjamin Disraeli)

012. હડપ્પાના રાજગઢ (Citadel)માં સૌથી ઊંચી ઈમારત __________ હતી.

(A) વિશાળ સ્નાનાગૃહ (Great Bath)
(B) અનાજનો કોઠાર (Granary)
(C) રહેણાંક નિવાસ (Residential quarters)
(D) ગટર (Drains)

013. લારકાના (Larkana)ના મેદાનોમાં સ્થિત મોહેં-જો-દડો નું સ્થાનિક નામ __________ છે.

(A) ઉત્તરજીવીનો ટેકરો (Mound of the survivor)
(B) સિંધનો ટેકરો (Mound of Sindh)
(C) મૃતકોનો ટેકરો (Mound of the dead)
(D) સંસ્કૃતિનો ટેકરો (Mound of civilization)

014. સુલતાન મહંમદ બેગડાના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. તે ગુજરાતના સર્વે રાજાઓમાં શ્રેષ્ઠ હતો.
2. તેણે કોઈપણ મંત્રીના પ્રભાવ સિવાય શાસન કર્યું હતું.
3. તેણે ગિરનાર અને ચાંપાનેરના કિલ્લાઓ (પોતાના રાજ્ય ક્ષેત્રમાં) જોડી દીધા હતા.
4. તેણે તેના સામ્રાજ્યમાં વૃક્ષોના વિકાસને નિરૂત્સાહિત કર્યો હતો.

ઉપરના વિધાન/વિધાનો પૈકી કયા સત્ય છે ?

(A) 1 અને 2
(B) 1 અને 4
(C) 1, 2 અને 4
(D) 1, 2 અને 3

015. શિકાગો ખાતે યોજાયેલી ધર્મ સંસદમાં વિવેકાનંદે ક્યારે હાજરી આપી હતી ?

(A) 1872
(B) 1890
(C) 1893
(D) 1901

016. નીચેના પૈકી કોણ મહાત્મા ગાંધીના 'રાજકીય ગુરૂ' હતા ?

(A) બી. જી. તિલક
(B) ગોપાલકૃષ્ણ ગોખલે
(C) દાદાભાઈ નવરોજી
(D) એસ.એન. બેનરજી

M

017. ગદર પક્ષનું મુખ્યાલય નીચેના પૈકી કયા દેશમાં સ્થિત હતું ?

(A) ભારત
(B) ચીન
(C) નોર્વે
(D) સંયુક્ત રાજ્ય અમેરિકા

018. ઈ.સ. 1902માં ગુજરાતના કયા સ્થળે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અઢારમું સત્ર આયોજવામાં આવ્યું હતું ?

(A) સુરત
(B) અમદાવાદ
(C) બરોડા
(D) ગાંધીનગર

019. ભારતના વિભાજન સમયે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરૂ
(B) વલ્લભભાઈ પટેલ
(C) મૌલાના અબ્દુલ કલામ આઝાદ
(D) આચાર્ય જે. બી. કૃપલાની

020. નીચેના પૈકી કયા સ્વાતંત્ર્ય સેનાનીએ જય હિંદનું સૂત્ર આપ્યું હતું ?

(A) જવાહરલાલ નહેરૂ
(B) બાલગંગાધર તિલક
(C) સરદાર પટેલ
(D) સુભાષચંદ્ર બોઝ

021. ભારતમાં __________ ને રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day) તરીકે ઉજવવામાં આવે છે.

(A) મહાત્મા ગાંધીનો જન્મદિવસ
(B) સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ
(C) એમ. જી. રાનડેનો જન્મદિવસ
(D) દાદાભાઈ નવરોજીનો જન્મદિવસ

022. ક્રિપ્સ મિશન સાથેના કોંગ્રેસના સત્તાવાર વાટાઘાટકારો નીચેના પૈકી કોણ હતા ?

(A) મહાત્મા ગાંધી અને સરદાર પટેલ
(B) આચાર્ય જે. બી. કૃપલાની અને સી. રાજગોપાલાચારી
(C) પંડિત નેહરૂ અને મૌલાના આઝાદ
(D) ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને રફી અહેમદ કિડવાઈ

023. સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર જનરલ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(B) સી. રાજગોપાલાચારી
(C) જવાહરલાલ નહેરૂ
(D) એસ. સી. બોઝ

024. 1953માં રચાયેલા 'રાજ્ય પુનર્ગઠન આયોગ'નું નેતૃત્વ કોણે કર્યું હતું ?

(A) ફઝલ અલી
(B) કે. એમ. પાનીકર
(C) શ્રી ક્રિષ્ણા
(D) એમ. સી. મહાજન

025. યુ. એન. ઢેબરના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. યુ. એન. ઢેબરે 1948 થી 1954 દરમ્યાન સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

2. તેઓ 1955 થી 1959 સુધી કોંગ્રેસના પ્રમુખ હતા.

3. તેઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ હતા.

4. તેઓને પદ્મવિભૂષણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ઉપર આપેલા વિધાનો પૈકી કયા વિધાનો સત્ય છે ?

(A) 1 અને 3

(B) 1 અને 4

(C) 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

026. તેરમી સદીના અંતમાં કાકટીયા (Kakatiya) સામ્રાજ્યની મુલાકાત લેનાર વિદેશી મુસાફરનું નામ શું હતું ?

(A) ઈબ્ન બટુટા (Ibn Battuta) – મોરક્કન (Moroccan)

(B) માર્કો પોલો (Marco Polo) – ઈટાલીયન (Italian)

(C) ફ્રાન્કોઈસ બેરનીયર (Francois Bernier) – ફ્રેન્ચ (French)

(D) નિકોલો ડી કોન્ટી (Niccolo de Conti) – ઈટાલીયન (Italian)

027. ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (The Archaeological Survey of India) ________ ના નેજા (aegis) હેઠળ આવે છે.

(A) વિદેશ મંત્રાલય

(B) ગૃહ મંત્રાલય

(C) પ્રવાસન મંત્રાલય

(D) સંસ્કૃતિ મંત્રાલય

028. બંધારણનો કયો અનુચ્છેદ "રાષ્ટ્રીય મહત્ત્વના સ્મારકો અને સ્થળો અથવા વસ્તુઓના રક્ષણ" સાથે સંબંધિત છે ?

(A) અનુચ્છેદ 49

(B) અનુચ્છેદ 48

(C) અનુચ્છેદ 47

(D) અનુચ્છેદ 46

029. શક સંવત પ્રમાણે સામાન્ય રીતે ગણેશ ચતુર્થી કયા મહિનામાં આવે છે ?

(A) કારતક

(B) શ્રાવણ

(C) ભાદરવા

(D) અષાઢ

030. કેટલીક બૌદ્ધ શિલાકૃત ગુફાઓ ચૈત્ય (Chaityas) કહેવાય છે જ્યારે અન્ય કેટલીક વિહાર (Viharas) કહેવાય છે. આ બંને વચ્ચે શું તફાવત છે ?

(A) તે બંને વચ્ચે કોઈ ભૌતિક (material) તફાવત નથી.

(B) ચૈત્ય એ ગુફાના છેડે આવેલો સ્તૂપ છે જ્યારે વિહાર એ તેની તરફનો અક્ષીય હોલ છે.

(C) ચૈત્ય એ પૂજાનું સ્થાન છે જ્યારે વિહાર એ સાધુઓનું નિવાસ સ્થાન છે.

(D) વિહાર એ પૂજાનું સ્થાન છે જ્યારે ચૈત્ય એ સાધુઓનું નિવાસ સ્થાન છે.

031. નીચે આપેલ જોડીઓ ધ્યાનમાં લો.

1. મોહિનીઅટ્ટમ – ઓરિસ્સા

2. યક્ષગણ – કર્ણાટક

3. ગરબા – ગુજરાત

ઉપરના પૈકી કઈ જોડી/જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

032. આપેલ યોગ્ય કોડ પસંદ કરી યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. મોટા જાગીરદારોને ફાળવવામાં આવેલી જમીન | 1. જાગીરદારી પદ્ધતિ |
| b. ભાડા ઉઘરાતદારના મહેસૂલી ખેડૂતોને ફાળવવામાં આવેલી જમીન | 2. રૈયતવારી પદ્ધતિ |
| c. પેટા પાડે, ગીરવે, તબદીલી, ભેટ અથવા વેચાણના અધિકાર સાથે | 3. મહાલવારી પદ્ધતિ  દરેક ખેડૂતને ફાળવવામાં આવેલી જમીન |
| d. ગ્રામ્ય કક્ષાએ કરવામાં આવેલ મહેસૂલી સમાધાન | 4. જમીનદારી પદ્ધતિ |

(A) a - 1, b - 3, c - 2, d - 4
(B) a - 3, b - 4, c - 1, d - 2
(C) a - 2, b - 1, c - 3, d - 4
(D) a - 1, b - 4, c - 2, d - 3

033. નીચેના પૈકી કઈ ફિલ્મ ભારતમાં નિર્મિત સૌ પ્રથમ બોલતી ફીચર ફિલ્મ હતી ?

(A) રાજા હરિશ્ચંદ્ર
(B) આલમ આરા
(C) પુંડલિક
(D) હાતીમતાઈ

034. અજંતા અને મહાબલિપુરમથી જાણીતા બે ઐતિહાસિક સ્થળોમાં શું સમાનતા છે ?

1. બંને એક જ સમયગાળામાં બાંધવામાં આવ્યા હતા.

2. બંને એક જ ધાર્મિક સંપ્રદાયના છે.

3. બંને શિલાકૃત સ્મારકો ધરાવે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો જવાબ આપો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 3
(D) ઉપરના પૈકી એક પણ નહીં

035. નીચેના પ્રાણીઓ ધ્યાનમાં લો.

1. સિંહ    2. ઘોડો    3. હાથી    4. બળદ

ઉપરના પૈકી કયા પ્રાણીઓ ભારતના રાષ્ટ્રીય પ્રતીક (Emblem)માં જોવા મળે છે ?

(A) 2, 3 અને 4
(B) 3 અને 4
(C) 1, 2 અને 3
(D) ઉપરોક્ત તમામ

036. પ્રથમ ગુજરાતી નવલકથા 'કરણ ઘેલો'ના લેખક કોણ હતા ?

(A) નંદશંકર મહેતા
(B) કનૈયાલાલ મુનશી
(C) નર્મદ
(D) ગોવર્ધનરામ ત્રિપાઠી

037. ગુજરાતના પ્રસિદ્ધ બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાને કયું હુલામણું નામ (nick name) આપવામાં આવ્યું હતું ?

(A) મુછાળી બા
(B) મુછાળી મા
(C) મારી વાલી મા
(D) ભૂલકાની મા

038. "નાના રાજ્યના રાજકુંવર પરંતુ મહાન રમતના રાજા" – પ્રખ્યાત અંગ્રેજી નિબંધકાર એ. જી. ગાર્ડીનર દ્વારા આ વિધાન કોના માટે કહેવામાં આવ્યું હતું ?

(A) મનસુર અલી ખાન પટૌડી
(B) દુલીપ સિંહ
(C) રણજીત સિંહ
(D) રાજસિંઘ ડુંગરપુર

039. નીચેના પૈકી કઈ ફિલ્મ ઓસ્કાર એવોર્ડની શ્રેષ્ઠ વિદેશી ભાષા ફિલ્મ (Best Foreign language film) કેટેગરીમાં નામાંકિત થનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ હતી ?

(A) રેવા
(B) હેલ્લારો
(C) વીર હમીરજી
(D) છેલ્લો દિવસ

040. 'અડધી સદીની વાંચન યાત્રા'ના લેખક કોણ છે ?

(A) મહેન્દ્ર મેઘાણી
(B) ઉમાશંકર જોશી
(C) જય વસાવડા
(D) ફાધર વાલેસ

041. ભીમદેવ સોલંકી દ્વારા આબુ ખાતે દંડનાયક તરીકે કોની નિમણૂંક કરવામાં આવી હતી કે જેમણે દેલવાડાના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી ?

(A) કરણ ઘેલો
(B) વિમલ મંત્રી
(C) વસ્તુપાળ
(D) મૂળરાજ સોલંકી

042. ગુજરાતનું પ્રાચીનતમ સંગ્રહાલય કયું છે ?

(A) અમદાવાદ ખાતેનું કેલીકો સંગ્રહાલય
(B) બરોડા સંગ્રહાલય અને પિકચર ગેલેરી
(C) કચ્છ સંગ્રહાલય
(D) પ્રભાસ પાટણ સંગ્રહાલય

043. 'ગુજરાતની કોયલ' તરીકે કોણ જાણીતું છે ?

(A) કિંજલ દવે
(B) મલ્લિકા સારાભાઈ
(C) ઐશ્વર્યા મજમુદાર
(D) દિવાળીબેન ભીલ

044. હુડો (Hudo) નૃત્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ હતી ?

(A) બળદ દોડ દ્વારા
(B) ઘેટાની લડાઈ દ્વારા
(C) તલવાર લડાઈ દ્વારા
(D) ઘોડે સવારી દ્વારા

045. ગુજરાતના 'ભૂંગરૂ' (Bhungroo) એ યુએન (UN) નો એવોર્ડ શેના માટે જીત્યો ?
(A) પર્યાવરણને અનુકૂળ જીવન જીવવા માટે ભૂંગા (Bhungas) ની રચના માટે
(B) ભૂકંપ પછી કચ્છમાં પુનર્વસનના ઉપાયો અમલમાં મૂકવા માટે
(C) સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ચેકડેમની રચના અને અમલીકરણની નીતિ માટે
(D) મહિલા ખેડૂતોને કેન્દ્રમાં રાખીને જળવ્યવસ્થાપન તકનીકીમાં નવીનીકરણ

046. સંખેડા ફર્નીચર (રાચરચીલું)ના ડિઝાઈનર કોણ છે ?
(A) સંખેડા સમુદાય (Sankheda community)
(B) સોમપુરા સમુદાય (Sompura community)
(C) ભીલ સમુદાય (Bhil community)
(D) ખરાડી સમુદાય (Kharadi community)

047. 'ભવાઈ' લોકનાટકનું નામ કેવી રીતે પડ્યું ?
(A) 'ભાવ' (Bhava) ઉપરથી જેનો અર્થ અભિવ્યક્તિ થાય છે.
(B) 'ભાવ' (Bhava) જેનો અર્થ લાગણીઓ થાય છે.
(C) 'ભવાની મા' (Bhavani Ma) ઉપરથી
(D) 'ભાવ' (Bhava) ઉપરથી, જેનો અર્થ પૃથ્વી પરનું જીવન થાય છે.

048. ગુજરાતમાં હવામહલ ક્યાં આવેલો છે ?
(A) અમદાવાદ
(B) વઢવાણ
(C) વડોદરા
(D) ભૂજ

049. નીચે આપેલી જોડીઓ પ્રખ્યાત મંદિર અને તેનું સ્થળ દર્શાવે છે. આ પૈકી કઈ જોડી સાચી નથી ?
(A) રૂકમણી મંદિર – દ્વારકા
(B) સૂર્ય મંદિર – મોઢેરા
(C) ભાલકા મંદિર – પાલનપુર
(D) શત્રુંજય મંદિર – પાલીતાણા

050. નીચે આપેલી જોડીઓ પ્રવાસન સ્થળો અને તે સ્થળના જિલ્લા દર્શાવે છે. આ પૈકી કઈ જોડી સાચી નથી ?
(A) દાદા હરી વાવ – અમદાવાદ
(B) ધોલાવીરા – કચ્છ
(C) લક્ષ્મી વિલાસ પેલેસ – વડોદરા
(D) ગીરા ધોધ – જૂનાગઢ

051. કેન્દ્ર સરકારની યોજના 'SVAMITVA' ના ટૂંકાક્ષરોમાં 'I' શેના માટે વપરાય છે ?
(A) Improvised
(B) Indian
(C) Integrated
(D) Improved

052. એમ. એમ. પુંછી (Punchhi) આયોગ નીચેના પૈકી કઈ બાબત સાથે સંકળાયેલું છે ?
(A) કેન્દ્ર-રાજ્ય સંબંધ
(B) પોલીસ સુધારા
(C) ચૂંટણી સુધારા
(D) પંચાયતીરાજ

053. 'વન'નો વિષય નીચેના પૈકી કઈ સૂચિમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે ?

(A) સંઘ યાદી

(B) રાજ્ય યાદી

(C) સમવર્તી યાદી

(D) સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદીમાં સમાવિષ્ટ નથી

054. United Nations Environment Programme (UNEP) નું મુખ્યાલય __________ ખાતે સ્થિત છે.

(A) રોમ

(B) ન્યૂયોર્ક

(C) નૈરોબી

(D) જીનીવા

055. ભારતીય બંધારણના નીચેના પૈકી કયા સુધારા દ્વારા અનુચ્છેદ-21-અ (21-A) દાખલ કરવામાં આવ્યો ?

(A) 86મો સુધારો, 2000

(B) 85મો સુધારો, 2000

(C) 86મો સુધારો, 2002

(D) 85મો સુધારો અધિનિયમ, 2002

056. કે. સંથાનમ (K. Santhanam) સમિતિની ભલામણો નીચેના પૈકી શેની સ્થાપના સાથે સંકળાયેલી છે ?

(A) કેન્દ્રીય સતર્કતા આયોગ (Central Vigilance Commission)

(B) કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો (Central Bureau of Investigation)

(C) નીતિ આયોગ (NITI Aayog)

(D) સીમા સુરક્ષા દળ (Border Security Force)

057. નીચેના પૈકી કઈ સમિતિની ભલામણોથી ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવી ?

(A) ગોરે સમિતિ (Gore Committee)

(B) રાજામન્નાર સમિતિ (Rajamannar Committee)

(C) એન. કે. સિંઘ સમિતિ (N. K. Singh Committee)

(D) સ્વર્ણ સિંઘ સમિતિ (Swaran Singh Committee)

058. રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના સંદર્ભમાં ભારતના બંધારણનો અનુચ્છેદ 361 શું પ્રદાન કરે છે ?

(A) રાષ્ટ્રપતિની વિચારણા માટે ખરડો અનામત રાખવો

(B) રાજ્યપાલને કાનૂની રક્ષણ

(C) વટહુકમ બહાર પાડવો

(D) રાજ્ય વિધાન સભાનું વિસર્જન

059. આગામી લોકસભા ચૂંટણી 2024, કેટલામી લોકસભાની રચના કરશે ?

(A) 16મી

(B) 17મી

(C) 18મી

(D) 19મી

060. નીચેના પૈકી કયું રાષ્ટ્ર QUADનું સદસ્ય નથી ?

(A) બ્રિટન
(B) જાપાન
(C) ભારત
(D) ઓસ્ટ્રેલિયા

061. ભારતનું લોકપાલ એક અધ્યક્ષ અને વધુમાં વધુ અન્ય કેટલા સદસ્યોનું બનેલું હોય છે ?

(A) 10
(B) 9
(C) 8
(D) 7

062. કેન્દ્ર સરકારની યોજના AMRUT-2.0 શેના ઉપર ધ્યાન કેન્દ્રીત કરે છે ?

(A) બધા માટે આવાસ
(B) તમામ ગામડાનું સંપૂર્ણ વીજળીકરણ
(C) આપત્તિ વ્યવસ્થાપન
(D) નળ જોડાણો અને ગટર જોડાણો આપીને 500 શહેરોમાં નાગરિકોને સરળ જીવન જીવવાની સુવિધા આપવી

063. ભારતના બંધારણમાં કયા અનુચ્છેદમાં ભારતના રાષ્ટ્રપતિ ઉપર મહાભિયોગની કાર્યરીતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(A) 51
(B) 61
(C) 71
(D) 81

064. રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ આયોગના સદસ્યોની નિમણૂંકને મંજૂરી કોણ આપે છે ?

(A) ગૃહ મંત્રાલય
(B) નાણાં મંત્રાલય
(C) ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય
(D) સંઘ મંત્રીમંડળની નિમણૂંક સમિતિ

065. નીચેના પૈકી કયો અનુચ્છેદ 'ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલાં ભરશે અને સ્વરાજ્યના એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકાર આપશે.' – આ બાબત પ્રદાન કરે છે ?

(A) અનુચ્છેદ 40
(B) અનુચ્છેદ 243
(C) અનુચ્છેદ 243-Q (243-ન)
(D) અનુચ્છેદ 243-Z (243-વ)

066. રાષ્ટ્રીય મહિલા આયોગ વિશે નીચેના પૈકી કયા વિધાનો સત્ય છે ?

1. મહિલાઓ માટેના બંધારણીય અને કાનૂની સુરક્ષાની સમીક્ષા કરવી.
2. પ્રતિકારક કાયદાકીય પગલાંની ભલામણ કરવી.
3. ફરિયાદ નિવારણની સુવિધા આપવી.
4. મહિલાઓને અસર કરતી તમામ નીતિઓ અંગે સરકારને સલાહ આપવી.

યોગ્ય જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

067. ભારતના બંધારણનો કયો અનુચ્છેદ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની અભિવૃદ્ધિની બાબત પ્રદાન કરે છે ?

(A) અનુચ્છેદ 48
(B) અનુચ્છેદ 49
(C) અનુચ્છેદ 50
(D) અનુચ્છેદ 51

068. સૌથી નાનો SAARC દેશ કયો છે ?

(A) નેપાળ
(B) બાંગ્લાદેશ
(C) માલદીવ
(D) ભૂતાન

069. સ્વામિત્વ યોજના (Swamitva Scheme) કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ?

(A) શિક્ષણ
(B) મિલકત રેકોર્ડની જાળવણીમાં ધરમૂળથી ફેરફાર કરવા
(C) જળ
(D) કૃષિ

070. 'અગ્નિપથ' યોજના (Agnipath Scheme) હેઠળ કેટલા વર્ષ માટે 'અગ્નિવીર'ની ભરતી કરવામાં આવશે ?

(A) 4 વર્ષ
(B) 5 વર્ષ
(C) 6 વર્ષ
(D) 7 વર્ષ

071. સંસ્થાઓ અને તેમના મુખ્યાલયોની નીચે આપેલી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

(A) United Nations Children's Fund (UNICEF) – વોશિંગ્ટન ડીસી, યુ.એસ.એ.
(B) United Nations Educational, Scientific and Cultural Organization (UNESCO) – પેરિસ, ફ્રાન્સ
(C) United Nations Industrial Development Organization (UNIDO) – વિયેના, ઓસ્ટ્રીયા
(D) Amnesty International – લંડન

072. આત્મનિર્ભર ભારત યોજનાની મહત્વની બાબતો નીચેના પૈકી કઈ છે ?

1. આંતર માળખું
2. 21મી સદીની ટેકનોલોજી આધારિત વ્યવસ્થા અને પ્રણાલી
3. માંગ
4. વાઈબ્રન્ટ ડેમોગ્રાફી
5. અર્થતંત્ર

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 3, 4 અને 5
(D) 1, 2, 3, 4 અને 5 તમામ

073. ભારત સરકાર દર વર્ષે 'સીવીલ સર્વિસીસ ડે'ને નાગરિક સેવકો માટે પોતાને નાગરિકોના ઉદ્દેશ્યમાં સમર્પિત કરવા અને જાહેર સેવા તથા કાર્યમાં શ્રેષ્ઠતા પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાઓના નવીનીકરણ કરવાના પ્રસંગ તરીકે ઉજવે છે. કયો દિવસ 'સીવીલ સર્વિસીસ ડે' તરીકે મનાવવામાં આવે છે ?

(A) એપ્રિલ 21
(B) મે 21
(C) જૂન 21
(D) જુલાઈ 21

074. નીચે દર્શાવેલી સંસ્થાઓ પૈકી કઈ સંસ્થા વૈધાનિક સંસ્થા નથી ?

(A) ભારતીય પ્રતિભૂતિ તથા વિનિમય બોર્ડ (Securities and Exchange Board of India)

(B) રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (National Human Rights Commission)

(C) કેન્દ્રિય જાહેર સેવા આયોગ (Union Public Service Commission)

(D) નીતિ આયોગ (The NITI Aayog)

075. નીચે આપેલી જોડી ભારતના બંધારણના અનુચ્છેદ અને તેનું વિષયવસ્તુ દર્શાવે છે. આ જોડી પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

(A) 14 – કાયદા સમક્ષ સમાનતા

(B) 15 – ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મ સ્થળને કારણે કરાતા ભેદભાવનો નિષેધ

(C) 16 – જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા

(D) 21 – કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ

076. વિવિધ પંચવર્ષીય યોજનાઓ વિશે માહિતી આપેલ છે. નીચેના પૈકી કયા વિધાનો સત્ય છે ?

1. પ્રથમ પંચવર્ષીય યોજના : તે 1951 થી 1956 ના સમયગાળા માટે શરૂ કરવામાં આવી હતી. તેનું મુખ્ય લક્ષ્ય દેશના કૃષિ વિકાસ પર હતું.
2. બીજી પંચવર્ષીય યોજના : તે 1956 થી 1961 ના સમયગાળા માટે તૈયાર કરવામાં આવી હતી. તે પી.સી. મહાલનોબીસ (P.C. Mahalanobis)ના મોડેલ ઉપર આધારિત હતી. તેનું મુખ્ય લક્ષ્ય દેશના આર્થિક વિકાસ પર હતું.
3. ત્રીજી પંચવર્ષીય યોજના : તે 1961 થી 1966 ના સમયગાળા માટે તૈયાર કરવામાં આવી હતી. આ યોજનાનું મુખ્ય લક્ષ્ય અર્થતંત્રને સ્વતંત્ર બનાવવાનું હતું. તેમાં કૃષિ અને ઘઉંના ઉત્પાદનમાં સુધારણા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.
4. ચોથી પંચવર્ષીય યોજના : તેનો સમયગાળો 1969 થી 1974 સુધીનો હતો. આ યોજનાના મુખ્ય બે હેતુઓ હતા – સ્થિરતા સાથે વૃદ્ધિ અને આત્મનિર્ભરતાની પ્રગતિશીલ સિધ્ધિ. આ સમયગાળા દરમ્યાન મુખ્ય 14 ભારતીય બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને હરિયાળી ક્રાંતિની શરૂઆત કરવામાં આવી.
5. બારમી પંચવર્ષીય યોજના : તેનો સમયગાળો 2012 થી 2017 સુધીનો હતો અને તેનો મુખ્ય ધ્યેય 'Faster, More Inclusive and Sustainable Growth' (ઝડપી, વધુ સમાવિષ્ટ અને ટકાઉવિકાસ) હતો.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 3, 4 અને 5

(D) 1, 2, 3, 4 અને 5 તમામ વિધાનો સાચાં છે.

077. વર્ષ 2020માં ભારતનો વ્યાપાર GDP ગુણોત્તર (Trade to GDP ratio) કેટલો હતો ?

(A) 46.1% (B) 24.7%

(C) 37.8% (D) 42.6%

078. Financial Stability Report (FSR) (નાણાંકીય સ્થિરતા અહેવાલ) વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ભારતીય રીઝર્વ બેંક દ્વારા તે પ્રતિવર્ષ 2 વખત જારી કરવામાં આવે છે.

2. તે જાહેર કરવામાં આવે તે પૂર્વે નાણાંકીય સ્થિરતા અને વિકાસ પરિષદ (Financial Stability and Development Council) ની પેટા સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવે છે.

નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 તથા 2 બંને

(D) 1 અથવા 2 એક પણ નહીં

079. 21મી માર્ચ, 2022ના રોજ RBI એ બેંગાલૂરૂ ખાતે Reserve Bank Innovation Hub (RBIH)નું ઉદ્‌ઘાટન કર્યું. આ હબનો પ્રારંભિક મૂડી ફાળો કેટલો રહેશે ?

(A) રૂા. 75 કરોડ

(B) રૂા. 100 કરોડ

(C) રૂા. 125 કરોડ

(D) રૂા. 112 કરોડ

080. જો અર્થતંત્ર એ પ્રવાહિતા જાળ (Liquidity Trap)માં હોય, તો નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

(A) બજારમાં વ્યાજના દર ખૂબ ઊંચા હશે

(B) બોન્ડની ઉપજ ખૂબજ ઊંચી હશે

(C) લોકો તથા વ્યવસાયકારો, બંને તેમની રોકડ પોતાની પાસે રાખશે અને ખર્ચ કરશે નહિં

(D) બેંકની માંગ થાપણ (Demand deposits)માં ઘટાડો થાય છે.

081. નીચેના પૈકી કઈ ગરીબી એ હંગામી ગરીબી છે અને તે અચાનક નુકસાન અથવા સંકટને કારણે થાય છે ?

(A) સાપેક્ષ ગરીબી (Relative Poverty)

(B) નિરપેક્ષ ગરીબી (Absolute Poverty)

(C) માથાદીઠ ગરીબી (Headcount Poverty)

(D) પરિસ્થિતિકીય ગરીબી (Situational Poverty)

082. એપ્રિલ 2002માં FEMA માં સુધારો કરવામાં આવ્યો છે, જેથી ભારતીય જીવન વીમા નિગમ (LIC)માં કેટલા ટકા FDIનો માર્ગ મોકળો થયો છે ?

(A) 20%

(B) 30%

(C) 25%

(D) 35%

083. કઈ વૈશ્વિક સંસ્થા RAMP કાર્યક્રમને મદદ કરશે ?

(A) IMF

(B) World Bank

(C) UNEP

(D) WTO

084. જાન્યુઆરી 2022માં ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ?

(A) ક્રિષ્ણમૂર્તિ સુબ્રમણ્યન (Krishnamurthy Subramanian)

(B) એસ. રામક્રિષ્ણન (S. Ramakrishnan)

(C) વી. અનંથા નાગેશ્વરન (V. Anantha Nageswaran)

(D) નવનીત મુન્નુટ (Navneet Munot)

085. વૈશ્વિક લિંગ તફાવત અહેવાલ (Global Gender Gap Report) કોના દ્વારા જાહેર કરવામાં આવે છે ?

(A) UNDP
(B) ILO
(C) UNEP
(D) The World Economic Forum

086. નાણાં બજાર પર કાર્યરત નીચે આપેલ જૂથો પૈકી કયા જૂથે ભારતમાં નાણાં બજાર માટે blueprint તૈયાર કરી ?

(A) વાઘુલ સમિતિ (Vaghul Committee)

(B) સેન સમિતિ (Sen Committee)

(C) કોરે સમિતિ (Chore Committee)

(D) એસ.એચ.ખાન સમિતિ (S. H. Khan Committee)

087. 'K' આકારની આર્થિક પુનઃપ્રાપ્તિ અર્થાત __________

(A) અર્થતંત્રની ઝડપી પુનઃપ્રાપ્તિ

(B) અર્થતંત્રના જુદાજુદા ભાગો જુદાજુદા દરે પુનઃ પ્રાપ્ત થાય છે.

(C) અર્થતંત્રમાં અચાનક ઉછાળો

(D) પુનઃપ્રાપ્તિનો ધીમો દર

088. MSF યોજના હેઠળ લઘુત્તમ લોન રકમ કેટલી છે ?

(A) રૂા. 20 લાખ
(B) રૂા. 50 લાખ
(C) રૂા. 1 કરોડ
(D) રૂા. 2 કરોડ

089. રેલ અંદાજપત્ર ક્યારથી સામાન્ય અંદાજપત્રમાં વિલીન કરી દેવામાં આવ્યું ?

(A) 2015
(B) 2016
(C) 2017
(D) 2018

090. 'Health Insurance for India's Missing Middle' અહેવાલ કોના દ્વારા જારી કરવામાં આવ્યો ?

(A) NITI આયોગ
(B) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(C) IRDAI
(D) ગૃહ મંત્રાલય

091. Financial Inclusion Index (FII) કોના દ્વારા જાહેર કરવામાં આવે છે ?

(A) NITI આયોગ
(B) MoSPI
(C) RBI
(D) નાણાં મંત્રાલય

092. સાયબર સુરક્ષા કવાયત 'Synergy' નીચે પૈકી કઈ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવી હતી ?

(A) Defence Research and Development Organization

(B) Indian Air Force

(C) Indian Space Research Organization

(D) (CERT-in) સિંગાપુરની સાયબર સલામતી સંસ્થાના સહયોગથી

093. ગુજરાતના અંદાજપત્ર 2022-23માં નીચેના પૈકી કયા ક્ષેત્રને સૌથી વધુ ભંડોળ ફાળવવામાં આવ્યું છે ?

(A) ઊર્જા

(B) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ

(C) ગ્રામીણ વિકાસ

(D) શિક્ષણ, રમત ગમત અને સંસ્કૃતિ

094. ખેડૂતોની આવક બમણી કરવા માટે ભારત સરકાર દ્વારા કઈ સમિતિની રચના કરવામાં આવી ?

(A) અખિલેશ રંજન સમિતિ

(B) અરવિંદ મોદી સમિતિ

(C) અશોક દલવાઈ સમિતિ

(D) રમેશ ચંદ સમિતિ

095. હાલમાં ભારતના મુખ્ય આંકડાશાસ્ત્રી કોણ છે ?

(A) બી. કે. રોય

(B) જી. પી. સામંતા

(C) પ્રવીણ શ્રીવાસ્તવ

(D) એસ. બંદોપાધ્યાય

096. ભારત સરકારની e-NAM યોજના એ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ?

(A) કૃષિ

(B) બિન-અશ્મિગત ઈંધણ

(C) ખનીજો

(D) ઈલેક્ટ્રોનીક સામાન

097. E-20 ઈંધણ એ નીચેના પૈકી શેની સાથે સંબંધિત છે ?

(A) E-બેટરી

(B) ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ

(C) હાઈડ્રોજન ઈંધણ

(D) સૌર ઈંધણ

098. FAME India યોજના નીચેના પૈકી શેની સાથે સંબંધિત છે ?

(A) કૃષિ માર્કેટીંગ

(B) ખાદી પોશાક

(C) સૂક્ષ્મ સાહસો (Micro Enterprises)

(D) ઈલેક્ટ્રીક વાહનો

099. ન્યૂનતમ ટેકાના ભાવ, પાક વૈવિધ્યકરણ અને પ્રાકૃતિક ખેતી માટેની તાજેતરમાં રચાયેલી સમિતિના અધ્યક્ષ કોણ છે ?

(A) સંજય અગ્રવાલ

(B) સંજીવ સન્યાલ

(C) મુકુંદ ચિતલે

(D) દીપક મોહન્તી

100. નીચેના પૈકી કયો દેશ ફ્રાંસ, જર્મની અને બેલ્જીયમની સીમાઓ વચ્ચે સ્થિત ભૂબદ્ધ (landlock) દેશ છે ?

(A) સેન મરીનો (San Marino)

(B) એન્ડોરા (Andorra)

(C) સ્વીટ્ઝરલેન્ડ (Switzerland)

(D) લક્ઝમબર્ગ (Luxembourg)

101. પૃથ્વીની દૈનિક પરિભ્રમણની મહત્તમ ઝડપ __________ ઉપર હોય છે.

(A) ધ્રુવ ઉપર
(B) કર્કવૃત્ત ઉપર
(C) વિષુવવૃત્ત ઉપર
(D) મકરવૃત્ત ઉપર

102. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

| રણનું નામ | | સ્થાન |
|---|---|---|
| (A) ગોબી | – | મોંગોલિયા |
| (B) ચોલીસ્તાન | – | અફઘાનિસ્તાન |
| (C) પેટાગોનીયા (Petagonia) | – | આર્જેન્ટીના |
| (D) અતાકામા | – | ચીલી |

103. ભારતનું નીચેના પૈકી કયું રાજ્ય એવું છે કે જેમાં મોટાભાગના રહેવાસીઓ ખ્રિસ્તી છે ?

(A) મણિપુર
(B) ત્રિપુરા
(C) આસામ
(D) નાગાલેન્ડ

104. ભારતનું નીચેના પૈકી કયું શહેર તમાકુના ઉદ્યોગ માટે જાણીતું છે ?

(A) ઝારીયા
(B) કાનપુર
(C) ગુંટુર
(D) ભાગલપુર

105. ભૂ-ઉષ્મા ઊર્જા (Geothermal energy) ઉપર આધારિત ઊર્જા પ્લાન્ટ 'Manikaran' (મણિકરણ)એ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) અરૂણાચલ પ્રદેશ
(B) હિમાચલ પ્રદેશ
(C) કર્ણાટક
(D) ઉત્તરાખંડ

106. ક્ષેત્રફળના આધારે ગુજરાતનો સૌથી મોટો અને સૌથી નાનો જિલ્લો કયો છે ?

(A) કચ્છ અને ડાંગ
(B) અમદાવાદ અને અરવલ્લી
(C) કચ્છ અને ગાંધીનગર
(D) કચ્છ અને મહીસાગર

107. 2011ની વસ્તીગણતરી મુજબ, ગુજરાતના સૌથી વધુ વસ્તી ધરાવતા શહેરો કયા છે ?

(A) અમદાવાદ, સુરત
(B) સુરત, રાજકોટ
(C) અમદાવાદ, રાજકોટ
(D) વડોદરા, અમદાવાદ

108. 'The India State of Forest Report 2021' અનુસાર, દેશનો કુલ વન અને વૃક્ષ અચ્છાદિત વિસ્તાર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના કેટલા પ્રતિશત છે ?

(A) 14.69
(B) 28.30
(C) 21.71
(D) 24.62

109. "Economic Survey of India, 2021-22" અનુસાર 2020-21માં ભારતનું કયું રાજ્ય મકાઈના ઉત્પાદનનું અગ્રેસર રાજ્ય હતું ?

(A) મહારાષ્ટ્ર
(B) મધ્યપ્રદેશ
(C) કર્ણાટક
(D) તેલંગાણા

110. નીચે બે વિધાનો આપ્યા છે. એક ને નિવેદન (Assertion) (A) નામ આપ્યું છે અને બીજાને કારણ (Reason) (R) નામ આપ્યું છે.

નિવેદન (Assertion) (A) : ભારતનું મહારાષ્ટ્ર રાજ્ય એ દેશમાં કપાસના ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય છે.

કારણ (Reason) (R) : રાજ્યમાં મુખ્યત્વે કાળી જમીન વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) A તથા R બંને સાચાં છે અને R એ A નું સાચું સ્પષ્ટીકરણ છે.
(B) A તથા R બંને સાચાં છે પરંતુ R એ A નું સાચું સ્પષ્ટીકરણ નથી.
(C) A સાચું છે પરંતુ R ખોટું છે.
(D) A ખોટું છે પરંતુ R સાચું છે.

111. ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે કયા પ્રકારની જમીન જોવા મળે છે ?

(A) રાતી જમીન (Red soil)
(B) કાંપની જમીન (Alluvial soil)
(C) કાળી જમીન (Black soil)
(D) રેતાળ જમીન (Sandy soil)

112. 'Atal Tunnel' ના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

1. તેની કુલ લંબાઈ 8.5 કિ.મી. છે.
2. આ ટનલની ઊંચાઈ 3000 મીટરથી વધુ છે.
3. તે લદાખમાં હિમાલયની પીર પાંજલ પર્વતમાળામાં છે.
4. તે લેહ-મનાલી ધોરીમાર્ગ ઉપર છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 2 અને 4

113. નીચેના પૈકી કયા દેશે વર્ષ 2021માં વિશ્વના સૌથી વધુ Crude steel નું ઉત્પાદન કર્યું ?

(A) જાપાન
(B) સંયુક્ત રાજ્ય અમેરિકા
(C) ઓસ્ટ્રેલીયા
(D) ચીન

114. 2011ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાત રાજ્યમાં બાળકોની (0-14 વર્ષના વય જૂથ) વસ્તીનું પ્રમાણ કેટલું હતું ?

(A) 28.86%
(B) 20.43%
(C) 32.28%
(D) 25.53%

115. જિલ્લાઓ તથા તેના મુખ્યાલયોની જોડી આપેલી છે તે પૈકીની કઈ જોડી સાચી નથી ?

1. અરવલ્લી – હિંમતનગર
2. બનાસકાંઠા – પાલનપુર
3. દેવભૂમિ દ્વારકા – ખંભાળીયા
4. ખેડા – આણંદ
5. મહીસાગર – લુણાવાડા
6. નર્મદા – વ્યારા

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 4
(B) 1, 3, 5
(C) 2, 4, 6
(D) 1, 4, 6

116. ગુજરાતની એક ઝાંખી. નીચે આપેલા વિધાનો ધ્યાનમાં લો.

| | | |
|---|---|---|
| વિધાન 1 | વસ્તી | 6.03 કરોડ |
| | વસ્તી વૃદ્ધિ | 19.17% |
| | ક્ષેત્રફળ (ચો.કિ.મી.) | 196,024 |
| | વસ્તી ગીચતા (ચો.કિ.મી.) | 308 |
| વિધાન 2 | લિંગ ગુણોત્તર | 918 |
| | સાક્ષરતા | 79.31 |
| | પુરૂષ સાક્ષરતા | 87.23 |
| | સ્ત્રી સાક્ષરતા | 70.73 |

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) વિધાનો 1 તથા 2 બંને સાચાં છે.
(D) વિધાનો 1 તથા 2 બંને ખોટા છે.

117. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

| ઘાટ | | ભારતના કયા રાજ્યમાં સ્થિત છે. |
|---|---|---|
| (A) લિપુલેખ (Lipulekh) | – | ઉત્તરાખંડ |
| (B) નાથુલા | – | અરૂણાચલ પ્રદેશ |
| (C) રોહતાંગ | – | હિમાચલ પ્રદેશ |
| (D) પાલઘાટ | – | કેરળ |

118. નીચેના પૈકી કઈ નદી રાજસ્થાનમાંથી ઉદ્ભવે છે અને કચ્છના રણના ઉત્તર-પૂર્વમાં જાય (lies) છે ?

(A) મહી
(B) હિરણ
(C) લૂણી
(D) સાબરમતી

119. હલ્દીયા એ શેનું કેન્દ્ર છે ?
(A) લોખંડ અને પોલાદ ઉદ્યોગો
(B) ઈજનેરી ઉદ્યોગો
(C) ઊંડા સમુદ્રમાં માછીમારી
(D) પેટ્રો-રસાયણ ઉદ્યોગો

120. ભારતમાં સ્થપાયેલ સૌપ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન નીચેના પૈકી કયો છે ?
(A) બાંદીપુરમ
(B) ગીર
(C) જીમ કોર્બેટ
(D) પેરિયાર

121. ભારતમાં સૌથી જૂની ઓઈલ રીફાઈનરી ક્યાં સ્થિત છે ?
(A) દિગ્બોઈ
(B) કોચીન
(C) બોંગેઈગાંવ (Bongaigaon)
(D) જામનગર

122. Fazenda (Farm) __________ છે.
(A) આર્જેન્ટીનાના ઘાસના મેદાનો
(B) બ્રાઝિલના કોફીના બગીચા
(C) ક્યુબાનો શેરડીનો પ્રદેશ
(D) USAનો મકાઈનો પ્રદેશ

123. નળ સરોવર પક્ષી અભ્યારણ્ય ગુજરાત રાજ્યના નીચેના પૈકી કયા જિલ્લામાં સ્થિત છે ?
(A) અમદાવાદ
(B) મહેસાણા
(C) સુરેન્દ્રનગર
(D) બોટાદ

124. 2011ની વસ્તી ગણતરી અનુસાર ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશમાં સૌથી નીચો સાક્ષરતા દર છે ?
(A) નાગાલેન્ડ
(B) મણિપુર
(C) બિહાર
(D) પુડુચેરી

125. ભારતની નીચેના પૈકી કઈ દ્વિપ સમુહ જોડીએ એક બીજાથી દસ અંશ ચેનલથી જુદી પડે છે ?
(A) આંદામાન અને નિકોબાર
(B) નિકોબાર અને ઉત્તર આંદામાન
(C) મીનીકોય અને લક્ષદ્વીપ
(D) લક્ષદ્વીપ અને નિકોબાર

126. CURIE-(Consolidation of University Research for Innovation and Excellence in Women Universities) બાબતે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. DST ના Women Science Programmeએ CURIE કાર્યક્રમ અંતર્ગત PG કોલેજોને સહાયરૂપ બનવા નવી પહેલની શરૂઆત કરી છે અને તેના માટે દરખાસ્તો આમંત્રિત કરી છે.
2. ભારત અને જર્મની વચ્ચેના સંયુક્ત R&D પ્રોજેક્ટમાં મહિલા સંશોધકોના પાર્શ્વ (lateral) પ્રવેશ માટે તે પ્રકારનો પ્રથમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

127. Gujarat Energy Research and Management Institute (GERMI) વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. GERMI એ ગુજરાત સરકારના ઉપક્રમ ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લિમીટેડ (Gujarat State Petroleum Corporation Limited) (GSPC) દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ ઊર્જાક્ષેત્રનું Centre of Excellence છે.

2. GERMI એ ભારતમાં ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે સ્થિત છે.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા નથી.
(D) 1 તથા 2 બંને સાચાં છે.

128. સી. વી. રામન વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. 7 નવેમ્બર, 1888 ના રોજ તિરુચિરાપલ્લીમાં જન્મેલા ચંદ્રશેખર વેંકટ રામન એ વિજ્ઞાનના ક્ષેત્રમાં નોબલ પ્રાઈઝ જીતનારા સૌ પ્રથમ એશિયાન અને બિન-શ્વેત (non-white) વ્યક્તિ હતા.

2. 1930 માં તેમને ગણિતશાસ્ત્રમાં નોબલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું.

નીચે આપેલા કોડ પૈકી યોગ્ય કોડ પસંદ કરો.

(A) 1 તથા 2 બંને સાચા છે.
(B) 1 તથા 2 એકપણ સાચાં નથી.
(C) માત્ર 1 સાચું છે.
(D) માત્ર 2 સાચું છે.

129. ICT માટે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. Information and Communication Technology or ICTs એ વપરાશકારને ઝડપથી બદલાતા જતા વિશ્વમાં વિવિધપ્રકારની અને વિકસી રહેલી તકનીકોના ઉપયોગથી કામકાજ અને અન્ય પ્રવૃત્તિઓ પરિવર્તિત થઈ રહી છે તેમાં સહભાગી થવા મદદરૂપ થાય છે.

2. ભારતીય ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઉદ્યોગ એ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ત્રીજા ક્ષેત્રના કાર્યબળમાં નોંધપાત્ર સંખ્યામાં રોજગાર પૂરો પાડે છે અને આ રીતે તે ભારતમાં મોટા પ્રમાણમાં રોજગાર નિર્માણ કરનાર ઉદ્યોગો પૈકીનો એક છે.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

130. IKS વિશે નીચે આપેલા વિધાનો ધ્યાનમાં લો.

1. ઈન્ડીયન નોલેજ સીસ્ટમ (IKS) એ શિક્ષણ મંત્રાલય હેઠળનો AICTE બનારસ ખાતે આવેલ નવીન વિભાગ (Innovative cell) છે.

2. તે કળા અને સાહિત્ય, કૃષિ, મૂળભૂત વિજ્ઞાન, ઈજનેરી અને તકનીકી, સ્થાપત્ય, વ્યવસ્થાપન, અર્થશાસ્ત્ર વગેરે જેવા ક્ષેત્રોમાં આપણા દેશના ભવ્ય વારસા અને પરંપરાગત જ્ઞાનનો પ્રસાર કરવામાં સક્રિય ભૂમિકા ભજવશે.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

131. UIDAI વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. The Unique Identification Authority of India એ વિજ્ઞાન અને તકનીકી મંત્રાલય, ભારત સરકાર દ્વારા 12 જુલાઈ, 2016 ના રોજ Aadhaar અધિનિયમ 2016 ની જોગવાઈઓ હેઠળ સ્થાપવામાં આવેલ વૈધાનિક સત્તા છે.

2. UIDAI ભારતના તમામ રહેવાસીઓને "Aadhaar" નામથી Unique Identification Numbers (UID) આપવાના ઉદ્દેશથી બનાવવામાં આવ્યું હતું.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

132. ભારતીય અંતરીક્ષ કાર્યક્રમ વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. વિક્રમ સારાભાઈ અને સતીષ ધવન ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના મુખ્ય શિલ્પીઓ (Chief Architects) હતા.

2. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સંદેશા વ્યવહાર, હવામાનશાસ્ત્ર અને કુદરતી સંસાધન સંચાલન જેવા વિકાસના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં અંતરીક્ષ તકનીકીનો ઉપયોગ કરવાનો છે. ભારતીય અંતરીક્ષ કાર્યક્રમ એ બેલેસ્ટીક મિસાઈલ કાર્યક્રમ જેવા કોઈ લશ્કરી કાર્યક્રમમાંથી ઉદભવ્યો ન હતો પરંતુ તે ઉપગ્રહ પ્રક્ષેપણ ક્ષમતાઓ સ્થાપિત કરવા ઉપર કેન્દ્રીત હતો.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

133. Antrix (અંતરિક્ષ) વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. ISRO એ 1992 માં તેના વ્યાપારી વેચાણ કેન્દ્ર (Commercial Outlet) Antrix Corporation ની સ્થાપના કરી.

2. 'Antrix' એ 'અંતરિક્ષ'ની અંગ્રેજી જોડણી છે, કે જે સંસ્કૃત શબ્દ છે જેનો અનુવાદીત શબ્દ 'અવકાશ' થાય છે.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

134. SPARK વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. 10-08-2022 ના રોજ Virtual Space Museum (આભાસી અવકાશ સંગ્રહાલય) "SPARK" જાહેર જનતાના ઉપયોગ માટે શરૂ કરવામાં આવ્યું.

2. આ પ્લેટફોર્મ (વિવિધ મિશન માટેની ડીજીટલ સામગ્રી ઈન્ટરેકટીવ રીતે પ્રદર્શિત કરવાના નવીન વિચાર સાથે) NASAના પ્રક્ષેપણ વાહનો, ઉપગ્રહો અને વૈજ્ઞાનિક મિશનથી સંબંધિત ઘણા દસ્તાવેજો, છબીઓ અને વીડીયો હોસ્ટ કરે છે.

નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું છે.
(B) માત્ર 2 સાચું છે.
(C) 1 તથા 2 બંને સાચા છે.
(D) 1 તથા 2 એકપણ સાચાં નથી.

135. નીચેના પૈકી કયું ભારત નિર્માણનું ઘટક નથી ?

(A) ગ્રામીણ આવાસ
(B) ગ્રામીણ વિજળીકરણ
(C) કૃષિ આધારિત ઉદ્યોગો
(D) ગ્રામીણ ટેલીફોની (Rural Telephony)

136. જ્યારે સરકાર તેના નાગરિકોને ઉત્પાદનના ખર્ચ કરતાં ઓછા દરે વસ્તુ અને/અથવા સેવાઓ પૂરી પાડે છે અને તેનો તફાવત પોતે નિભાવી લે છે તેને શું કહેવાય છે ?

(A) સબસીડી (Subsidy)
(B) સેસ (Cess)
(C) ઓવરડ્રાફ્ટ (Overdraft)
(D) જકાત (Tariff)

137. નીચેના પૈકી કયા ઊર્જા પ્લાન્ટ માટે સૌથી વધુ પ્રારંભિક ખર્ચ અને સૌથી ઓછો ઇંધણ પરિવહનનો ખર્ચ જરૂરી છે ?

(A) ડીઝલ ઊર્જા પ્લાન્ટ (Diesel Power Plant)
(B) વરાળ ઊર્જા પ્લાન્ટ (Steam Power Plant)
(C) પરમાણુ ઊર્જા પ્લાન્ટ (Nuclear Power Plant)
(D) જળ-વિદ્યુત ઊર્જા પ્લાન્ટ (Hydroelectric Power Plant)

138. Chernobyl પરમાણુ મથક ક્યાં સ્થિત છે ?

(A) રશિયા (Russia)
(B) યુક્રેન (Ukraine)
(C) બેલારસ (Belarus)
(D) જ્યોર્જિયા (Georgia)

139. Non-Proliferation Treaty (બિન-પ્રસાર સંધિ) હેઠળ પરમાણુ શસ્ત્ર રાજ્યો કેટલાં છે ?

(A) 4
(B) 5
(C) 6
(D) 7

140. ભારતનું સૌ પ્રથમ આણ્વિક ઊર્જા મથક કયું છે ?

(A) કાકરાપાર આણ્વિક ઊર્જા મથક
(B) મદ્રાસ આણ્વિક ઊર્જા મથક
(C) રાજસ્થાન આણ્વિક ઊર્જા મથક
(D) તારાપુર ઊર્જા મથક

141. ભારતમાં વરસાદ __________ સાથે સંકળાયેલ નથી.

(A) પર્વત વિજ્ઞાન (Orography)
(B) ઉષ્ણતાનયન (Convection)
(C) પ્રતિચક્રવાત (Anticyclone)
(D) ચક્રવાત (Cyclone)

142. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (National Disaster Management Authority) કયા મંત્રાલય હેઠળ આવે છે ?

(A) પ્રદૂષણ મંત્રાલય
(B) પર્યાવરણ મંત્રાલય
(C) ગૃહ મંત્રાલય
(D) વિદેશ મંત્રાલય

143. પર્યાવરણ મંત્રાલયે કયા રાજ્ય/સંઘપ્રદેશમાં 'હરિયાળી મહોત્સવ 2022'નું આયોજન કર્યું હતું ?

(A) ઉત્તરપ્રદેશ
(B) ગોવા
(C) દિલ્હી
(D) મહારાષ્ટ્ર

144. ભાવિ જળવાયુ પરિવર્તનની માત્રાને ઘટાડવી - તેને શું કહેવાય ?

(A) Geoengineering (ભૂ-ઈજનેરી)
(B) Climate Change Mitigation (જળવાયુ પરિવર્તનશમન)
(C) Adaptation (અનુકૂલન)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

145. રાત્રી દૃષ્ટિ ઉપકરણ (Night Vision Apparatus) માં કયા પ્રકારના તરંગોનો ઉપયોગ થાય છે ?

(A) રેડિયો તરંગો
(B) સૂક્ષ્મ તરંગો
(C) અવરક્ત તરંગો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

146. તમે કૂવામાં જેમ નીચે જાવ તેમ તમારું વજન __________

(A) થોડુંક વધે છે.
(B) થોડુંક ઘટે છે.
(C) તેટલું જ રહે છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

147. ફટાકડામાં લીલી જ્યોત __________ ના કારણે ઉદ્‌ભવે છે.

(A) સોડીયમ
(B) પોટેશ્યમ
(C) બેરીયમ
(D) પારો (mercury)

148. કારમાં સલામતી માટે ઉપયોગમાં લેવામાં આવતી airbag માં શું હોય છે ?

(A) સોડીયમ બાયકાર્બોનેટ
(B) સોડીયમ એઝાઈડ
(C) સોડીયમ નાઈટ્રેટ
(D) સોડીયમ પેરોક્સાઈડ

149. પેન્સીલમાં શેનો ઉપયોગ થાય છે ?

(A) સીલીકોન
(B) ફોસ્ફરસ
(C) ચારકોલ
(D) ગ્રેફાઈટ

150. 2015માં લાગુ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની મુદત તાજેતરમાં ક્યાં સુધી લંબાવવામાં આવી છે ?

(A) ડીસેમ્બર, 2024
(B) ડીસેમ્બર, 2025
(C) માર્ચ, 2025
(D) માર્ચ, 2030

151. વિશ્વ જૈવ ઈંધણ દિવસ (World Biofuel Day)ના પ્રસંગે પ્રધાનંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કયા સ્થળે સ્થાપિત બીજી પેઢીનો ઈથેનોલ પ્લાન્ટ (2nd generation ethanol plant) દેશને સમર્પિત કર્યો ?

(A) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેસનની આંધ્રપ્રદેશની ટાટીપાકા રીફાઈનરી ખાતે

(B) ભારત પેટ્રોલીયમ કોર્પોરેશનની કેરળની કોચી રીફાઈનરી ખાતે

(C) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડની ગુજરાતની જામનગર રીફાઈનરી ખાતે

(D) ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનની હરિયાણાની પાણીપત રીફાઈનરી ખાતે

152. નીચે આપેલા વિધાનો ધ્યાનમાં લો.

1. ભારતીય સેનાએ ઓગસ્ટ, 2022માં 'Him Drone-a-thon' કાર્યક્રમની શરૂઆત કરી.

2. હિંદુસ્તાન એરોનોટીક્સ લિમીટેડ એ ઓગસ્ટ, 2022માં 'Him Drone-a-thon' કાર્યક્રમની શરૂઆત કરી.

3. તેની શરૂઆત Drone Federation of India સાથેના સહયોગથી કરવામાં આવી.

4. આ પહેલ (initiative) એ સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા સાથે સુસંગત છે.

ઉપરના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સત્ય છે ?

(A) માત્ર 1 અને 4

(B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 2, 3 અને 4

(D) માત્ર 2

153. Nallathamby Kalaiselvi (નાલાથેમ્બી કલૈસેલ્વી) કોણ / શું છે ?

(A) એક તમિળ ફિલ્મ છે કે જેણે 2022માં Best Film for National Integrationનો એવોર્ડ જીત્યો.

(B) કેરળના એક રમતવીર છે કે જેણે 2022માં ભારતને સર્વપ્રથમ સુવર્ણચંદ્રક અપાવ્યો.

(C) CSIR (Council of Scientific and Industrial Research)ના પ્રથમ મહિલા મહાનિદેશક.

(D) ISRO (Indian Space Research Organisation)ના પ્રથમ મહિલા મહાનિદેશક.

154. કેન્દ્ર સરકારે તાજેતરમાં વિશ્વ બેંક સહાયકૃત 300 મીલીયન ડોલર (આશરે રૂા. 2100 કરોડ)ના શાળા શિક્ષણ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ક્યાં આવશે ?

(A) ગુજરાત

(B) દિલ્હી

(C) છત્તીસગઢ

(D) મધ્યપ્રદેશ

155. તાજેતરમાં G-20 માટે ભારતના શેરપા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) Errol D'Souza (એરોલ ડીસોઝા), નિદેશક, IIM, અમદાવાદ

(B) સુબ્રમણ્યમ જયશંકર, વિદેશમંત્રી

(C) નિર્મલા સીતારામન, નાણામંત્રી

(D) અમિતાભ કાંત, ભૂતપૂર્વ CEO, NITI આયોગ

156. વિજ્ઞાનીઓ હવે ખાદ્ય કેટેગરી હેઠળ 'કાઈ ચટણી (Kai Chutney)'ની ભૌગોલિક સંકેતોની રજીસ્ટ્રી (Geographical Indicators) (GI) માટે પ્રેજન્ટેશન બનાવવા માટે તેમના સંશોધનને ફાઈન-ટ્યુનીંગ કરી રહ્યા છે. 'કાઈ ચટણી (Kai Chutney)' એ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ?

(A) મહારાષ્ટ્રનું હિંગોલી (Hingoli)

(B) તમિળનાડુનું ચેંગલપટ્ટુ (Chengalpattu)

(C) કર્ણાટકનું ગુલબર્ગ

(D) ઓરિસ્સાનું મયુરભંજ

157. "Harnessing Green Hydrogen: Opportunities for Deep Decarbonisation in India" વિષય ઉપર નીચેના પૈકી કોણે જૂન, 2022માં અહેવાલ બહાર પાડ્યો ?

(A) NITI આયોગ અને Rocky Mountain Institute (RMI) India

(B) The Energy and Resources Institute (TERI) અને Centre for Science and Environment (CSE)

(C) Indian Institute of Science (IISc)

(D) Transportation Engineering Research Centre (TRC)

158. 'લોકતંત્ર કે સ્વર' અને 'The Republican Ethic' પુસ્તકો શું છે ?

(A) લોકનાયક જયપ્રકાશ નારાયણના પસંદગી કરેલા ભાષણો

(B) ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પસંદગી કરેલા ભાષણો

(C) ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પસંદગી કરેલા ભાષણો

(D) દીનદયાળ ઉપાધ્યાયના પસંદગી કરેલા ભાષણ

159. ઓરિસ્સાના દરિયાકાંઠે ચાંદીપુરમાં સ્થિત Integrated Test Range (ITR) ખાતેથી High-speed Expendable Aerial Target (HEAT) હવાઈજહાજનું સફળતાપૂર્વક ઉડાણ પરીક્ષણ કરવામાં આવ્યું. આ હવાઈજહાજનું નામ શું આપવામાં આવ્યું ?

(A) ABHYAS
(B) SURYATEJ
(C) PRAVEGA
(D) SIDDHI

160. નીચેના પૈકી કઈ જૂની વેધશાળાએ UNESCO ની વિશ્વની મહત્વની લુપ્તપ્રાય હેરિટેજ વેધશાળાઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે ?

(A) લંગતસિંઘ કોલેજ, મુઝફ્ફરપુર, બિહારની ખગોળશાસ્ત્રીય વેધશાળા

(B) બેગમપેટ, હૈદરાબાદની નિઝામીઆ વેધશાળા

(C) ઈબ્રાહીમપટનમ પાસેની ઓસ્માનીયા વિશ્વવિદ્યાલયની જપાલ રંગાપુર વેધશાળા

(D) નૈનીતાલ, ઉત્તરાખંડની ખોગળશાસ્ત્રીય વેધશાળા

161. "World Health Summit for Pride of Homoeopathic"નું પ્રથમ સંસ્કરણ કયા શહેરમાં યોજાયું હતું ?

(A) દુબઈ
(B) લંડન
(C) પેરિસ
(D) બર્લિન

162. All-India Football Federationના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા ?

(A) એન્ડ્રુ બોનફીલ્ડ (Andrew Bonfield)

(B) કલ્યાણ ચોબે (Kalyan Chaubey)

(C) મહેમૂદ ખાન (Mehmood Khan)

(D) લક્ષ્મણ નરસિંહન (Laxman Narasimhan)

163. ભારતનું સૌ પ્રથમ સ્વદેશી બનાવટનું વિમાનવાહક જહાજ INS વિક્રાંત, ઔપચારિક રીતે કયા સ્થળે કાર્યરત થયું છે ?

(A) નેવલ ડોકયાર્ડ, વિશાખાપટનમ્

(B) ગોવા શિપયાર્ડ લિમીટેડ

(C) બોમ્બે ડોકયાર્ડ

(D) કોચીન શિપયાર્ડ લિમીટેડ

164. Tejas Mark-2 Fighter Jets નું ઉત્પાદન કઈ સંસ્થાએ કર્યું છે ?

(A) BEL

(B) BDL

(C) HAL

(D) DRDO

165. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા EV બેટરીના સુરક્ષાધોરણો માટે રચવામાં આવેલી સમિતિના અધ્યક્ષ કોણ છે ?

(A) ટાટા નરસિંહરાવ

(B) નંદન નિલેકાની

(C) પરમેશ્વરન ઐયર

(D) રમેશ ચંદ

166. Forbes Asia એ 'Forbes Asia-100 to Watch 2022'ના શીર્ષક હેઠળ, નામની યાદીની બીજી આવૃત્તિ બહાર પાડી. ભારતમાંથી કેટલી Start-up કંપનીઓનો આ યાદીમાં સમાવેશ થયો ?

(A) 11

(B) 15

(C) 13

(D) 14

167. નવા નૈકાદળના ચિહ્નમાં કયા આકારની અંદર રાષ્ટ્રીય પ્રતીક દર્શાવવામાં આવ્યું છે ?

(A) નારંગી ષટકોણ (Orange Hexagon)

(B) વાદળી અષ્ટકોણ (Blue Octagon)

(C) સફેદ અષ્ટકોણ (White Octagon)

(D) લીલો ષટકોણ (Green Hexagon)

168. ઓસ્કાર વિજેતા સંગીત નિષ્ણાંત (Music Icon) કે જેમના નામથી કેનેડાના માર્ખમ શહેરની શેરીનું નામ રાખવાનું સન્માન પ્રાપ્ત થયું છે. તે નીચેના પૈકી કોણ છે ?

(A) એ. આર. રહેમાન

(B) ઈલાયા રાજા

(C) બપ્પી લાહિરી

(D) શંકર મહાદેવન

169. વિશ્વભરમાં National Skyscraper Day ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) સપ્ટેમ્બર 4

(B) સપ્ટેમ્બર 3

(C) સપ્ટેમ્બર 1

(D) સપ્ટેમ્બર 2

170. Coconut Development Board ની પ્રાદેશિક કચેરી કયા રાજ્યમાં શરૂ કરવામાં આવી ?

(A) કેરળ
(B) મધ્ય પ્રદેશ
(C) હૈદરાબાદ
(D) ગુજરાત

171. "Science Behind Suryanamaskar" એ શીર્ષકનું પુસ્તક કોણે બહાર પાડ્યું ?

(A) એલ મુરૂગન
(B) ભારતી પ્રવીણ પવાર
(C) ડૉ. મુંજપરા મહેન્દ્રભાઈ કાળુભાઈ
(D) જોહન બર્લા

172. સરકારના કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ 2022ની શરૂઆત કરવામાં આવી ?

(A) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(B) સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય
(C) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(D) ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય

173. ભારતીય સેનાની ટુકડીએ Vastok-2022 કવાયતમાં કયા દેશમાં ભાગ લીધો હતો ?

(A) કેનેડા
(B) રશિયા
(C) જર્મની
(D) યુક્રેન

174. દેશના કયા રાજ્ય / સંઘ પ્રદેશની પોલીસ છ વર્ષથી વધુ સજા પાત્ર ગુનાઓમાં ન્યાય સહાયક પુરાવાના સંકલનને ફરજીયાત બનાવનાર સૌ પ્રથમ પોલીસ છે ?

(A) દિલ્હી
(B) લડાખ
(C) કર્ણાટક
(D) કેરળ

175. ભારતમાં ડીજીટલ સાક્ષરતાને આગળ વધારવામાં AICTE એ કઈ કંપની સાથે ભાગીદારી કરી છે ?

(A) Dell
(B) Lenovo
(C) Autodesk
(D) Adobe

176. બે વસ્તુઓની આજની કિંમતનો ગુણોત્તર 16:23 છે. બે વર્ષ પછી પહેલી વસ્તુની કિંમત 10% જેટલી અને બીજી વસ્તુની કિંમત રૂ 4,770 જેટલી વધે છે, જેથી તેમની કિંમતનો નવો ગુણોત્તર 11 : 20 થાય છે. તો પહેલી વસ્તુની આજની કિંમત કેટલી હશે ?

(A) રૂા. 8,000
(B) રૂા. 8,480
(C) રૂા. 9,600
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

★ (નિર્દેશ : પ્રશ્ન-177 અને 178 માટે) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

એક ટુર્નામેન્ટ માટે સાત ખેલાડીઓ- J, K, L, M, N, P અને Q - પૈકી માત્ર 4 ખેલાડીઓની પસંદગી કરવાની છે. પસંદગી નીચેની શરતોએ થશે.

1. J અથવા K પૈકી કોઈ એકની પસંદગી નિશ્ચિત થશે, પરંતુ બંનેની પસંદગી થશે નહીં.
2. N અથવા P પૈકી કોઈ એકની પસંદગી નિશ્ચિત થશે, પરંતુ બંનેની પસંદગી થશે નહીં.
3. જો L ની પસંદગી થશે તો જ N ની પસંદગી થશે.
4. જો K ની પસંદગી થશે તો જ Q ની પસંદગી થશે.

177. જો આ ટુર્નામેન્ટમાં P ની પસંદગી ન થાય તો ઉપરની શરતો મુજબ પસંદગી પામતા 4 ખેલાડીઓના કુલ કેટલા જૂથ શક્ય બનશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

178. નીચે આપેલ જોડીઓ પૈકી કઈ જોડી પસંદ થાય તો ઉપરની શરતો મુજબનું 4 ખેલાડીઓનું માત્ર એક જ જૂથ શક્ય બને ?

(A) J અને L
(B) M અને Q
(C) L અને Q
(D) L અને N

★ (નિર્દેશ : પ્રશ્ન-179 અને 180 માટે) નીચેની શ્રેણીનો બરાબર અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો

A * 5 9 I N & E @ # U 4 & H % M X 2 4

179. ઉપરની ગોઠવણીમાં એવા કેટલા સ્વરો (vowels) છે જેની તરત પહેલા સંકેત (symbol) આવતો હોય ?

(A) 1
(B) 3
(C) 2
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

180. ઉપરની ગોઠવણી માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) જેના તરત પછી સંકેત (symbols) આવતા હોય એવા મૂળાક્ષરો (alphabets) ની સંખ્યા 5 છે.
(B) આ ગોઠવણીમાં એક થી વધુ વાર આવતા હોય એવા ઘટક બે છે.
(C) જેના તરત પછી સ્વર (vowels) આવતા હોય એવા કોઈ વ્યંજન (consonants) નથી.
(D) આ ગોઠવણીમાં કુલ 8 મૂળાક્ષરો (alphabets) છે.

181. 3 ફેબ્રુઆરી, 1971 ના રોજ કયો વાર હતો ?

(A) મંગળવાર
(B) બુધવાર
(C) ગુરૂવાર
(D) રવિવાર

182. એક સમાંતર શ્રેણીનું $n$ મું પદ $m$ હોય અને $m$ મું પદ $n$ હોય તો $r$ મું પદ કયું હશે ?

(A) $m + n - r$
(B) $m + n + r$
(C) $n + m - 2r$
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

183. ભારતીય માનક સમય (Indian Standard Time) એ પેસેફિક સમય (Pacific Time) કરતાં 12.30 કલાક આગળ છે. જો 20 તારીખે પેસેફિક સમય પ્રમાણે સવારના 11.45 વાગ્યા હોય તો ભારતીય માનક સમય પ્રમાણેનું ઘડિયાળ કયો તારીખ-સમય દર્શાવતું હશે ?

(A) 20 તારીખ, રાત્રે 11.15 કલાક
(B) 19 તારીખ, રાત્રે 11.45 કલાક
(C) 21 તારીખ, રાત્રે 00.15 કલાક
(D) 19 તારીખ, રાત્રે 00.15 કલાક

184. નીચે આપેલ શ્રેણીમાં બંધબેસતી ન હોય તેવી સંખ્યા કઈ ?

9, 64, 25, 214, 49, 512

(A) 25
(B) 512
(C) 214
(D) 49

185. 16 સેમી વ્યાસ ધરાવતા વર્તુળના ક્ષેત્રફળ અને જેના વિકર્ણની લંબાઈ 16 સેમી હોય તેવા ચોરસના ક્ષેત્રફળનો તફાવત કેટલો હશે ? ($\pi = \frac{22}{7}$)

(A) 73.14 ચો.સેમી
(B) 126.28 ચો.સેમી
(C) 548.57 ચો.સેમી
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

186. P અને Q વચ્ચે રૂા. 6,728 એવી રીતે વહેંચવામાં આવે છે કે P ને મળેલ રકમનું 5% ચક્રવૃધ્ધિ વ્યાજે 5 વર્ષ પછી જે વ્યાજ મુદ્દલ થાય, તેટલું જ વ્યાજ મુદ્દલ Q ને મળેલ રકમનું 5% ચક્રવૃધ્ધિ વ્યાજે 7 વર્ષ પછી થાય. તો Q ને મૂળ કેટલી રકમ મળી હશે ?

(A) રૂા. 3,528
(B) રૂા. 3,200
(C) રૂા. 3,264
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

187. નીચે આપેલ વિકલ્પો પૈકી એક વિકલ્પ અન્ય ત્રણ કરતાં જુદો પડે છે. તે વિકલ્પ કયો હશે ?

(A) રેડિયમ
(B) સોડીયમ
(C) યુરેનિયમ
(D) પોલોનિયમ

188. 52 પત્તામાંથી 4 પત્તા યથેચ્છ રીતે ખેંચવામાં આવે છે, તો તે 4 પત્તા પૈકી એક પણ પત્તુ રાણીનું ન હોય તેની સંભાવના કેટલી થશે ?

(A) $\frac{1}{4}$
(B) $\frac{64}{54145}$
(C) $\frac{32}{54145}$
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

189. બે સંખ્યાઓનો ગુ.સા.અ. 11 અને લ.સા.અ. 7700 છે. જો તે પૈકીની એક સંખ્યા 275 હોય તો બીજી સંખ્યા કેટલી હશે ?

(A) 308
(B) 318
(C) 328
(D) 438

190. P ની હાલની ઉંમર Q ની હાલની ઉંમર કરતા 2 વર્ષ જેટલી વધારે છે. જ્યારે Q ની હાલની ઉંમર R ની હાલની ઉંમર કરતાં બમણી છે. જો 3 વર્ષ પછી ત્રણેયની ઉંમરનો સરવાળો 30 થાય તો Q ની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 8 વર્ષ (B) 12 વર્ષ

(C) 14 વર્ષ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

191. નીચે પૈકી કઈ સંખ્યા પૂર્ણઘન છે ?

(A) 91225 (B) 91125

(C) 91525 (D) 95125

192. રૂા. 1,600નું 20% વ્યાજના દરે 9 મહિનાનું ચક્રવૃધ્ધિ વ્યાજ કેટલું થશે ? (વ્યાજ દર 3 મહિને ઉમેરાય છે)

(A) રૂા. 2,500 (B) રૂા. 2,880

(C) રૂા. 2,522 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

193. 50 ઓવરની ક્રિકેટ મેચમાં એક ટીમ દ્વારા તેમની ઈનિંગના જુદા જુદા તબક્કાઓ દરમ્યાન કરેલ સરેરાશ રન પ્રતિ ઓવર નીચે મુજબ છે.

પ્રથમ 10 ઓવર – 8 રન પ્રતિ ઓવર

11 થી 35 ઓવર – 5 રન પ્રતિ ઓવર

અંતિમ 15 ઓવર – 9 રન પ્રતિ ઓવર

તો આ ટીમ દ્વારા આ સમગ્ર ઈનિંગ દરમ્યાન કરેલ સરેરાશ રન પ્રતિ ઓવર કેટલી હશે ?

(A) 7.2 (B) 8.2

(C) 6.8 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

194. એક વસ્તુ પર 20% અને 15% ના બે ક્રમિક વળતર આપવામાં આવે તો સમગ્રપણે કેટલું વળતર મળશે ?

(A) 32% (B) 35%

(C) 30% (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

195. એક મેદાનમાં 6 સેમી વરસાદ પડે છે. જો મેદાનનું ક્ષેત્રફળ 1.5 હેક્ટર હોય તો તે મેદાનમાં કેટલું પાણી એકત્ર થયું હશે ?

(A) 9,000 લિટર (B) 9,00,000 લિટર

(C) 90,000 લિટર (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

196. એક કાટકોણ ત્રિકોણમાં કર્ણની લંબાઈ 10 સેમી તથા અન્ય એક બાજુની લંબાઈ 8 સેમી છે. તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 24 ચો.સેમી (B) 40 ચો.સેમી

(C) 50 ચો.સેમી (D) 30 ચો.સેમી

197. એક સાંકેતિક ભાષામાં "GUJARATI" નો સંકેત "H3L1U1X9" હોય તો "FRENCH" નો સંકેત કયો હશે ?

(A) G8G4F8 (B) G8G5F7

(C) G9G5F8 (D) G9F5G8

198. એક બસ શહેર P થી શહેર Q તરફ જાય છે. મુસાફરી શરૂ કર્યા બાદ 300 કિ.મી. પછી તે રસ્તો બ્લોક હોવાને લીધે 30 મિનિટ માટે ઉભી રહે છે. તે સમયે તેણે કુલ મુસાફરીના 60% જેટલું અંતર કાપ્યુ હોય છે. ફરી મુસાફરી શરૂ કર્યા બાદ ડ્રાઈવર બસની ઝડપ 20 કિમી/કલાક જેટલી વધારે છે અને બસ નિર્ધારિત સમયે શહેર Q પહોંચે છે. તો બસની મૂળ ઝડપ કેટલી હશે ?

(A) 60 કીમી/કલાક (B) 80 કિમી/કલાક

(C) 90 કિમી/કલાક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

199. નીચે આપેલી સંખ્યાઓના જૂથ સાથે સામ્યતા ધરાવતી સંખ્યાઓનું જૂથ કયું હશે ?

47 : 58 : 71

(A) 76 : 89 : 105 (B) 89 : 98 : 106

(C) 72 : 81 : 90 (D) 68 : 80 : 88

200. નીચે આપેલું સમીકરણ સાચું થાય તે માટે કઈ બે સંખ્યાઓની અદલાબદલી કરવી પડે ?

55 + 32 – 4 × ( 1 × 12 ) + ( 16 ÷ 4 ) = 31

(A) 55 અને 32 (B) 12 અને 16

(C) 32 અને 12 (D) 32 અને 16

---

# SPACE FOR ROUGH WORK